## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

શ્વાસમાં આવી ભળે તો પણ ગમે,
આંખમાં તું ખળભળે તો પણ ગમે !
આભને ધરતી કહે છે એ રીતે-
સાદ તું મુજને કરે તો પણ ગમે !

- રમેશ પટેલ 'ક્ષ'

### પાથેય

- રમેશ ઠક્કર

## આભાસી દુનિયા...

લખાણોની હવે હસ્તપ્રત હોતી નથી..એકસરખી ડિજિટલ પ્રત હોય છે..લેખકો હવે લઘરવઘર નથી હોતા..સુઘડ રહેવાનું હવે એમને ફાવી ગયું છે..શાહી અને ખડિયો તો આમ પણ ગાયબ હતાં હવે સર્જકોની કલમ પણ ગાયબ છે..શબ્દો હવે સ્પર્શથી ટપકે છે અથવા તો બોલીને પ્રગટાવી શકાય છે..એકવીસમી સદીનું આલેખન આભાસી બની ગયું છે..દિલ સામેની દુનિયા હવે વર્ચ્યુઅલ વર્લ્ડ બની ગઈ છે..!

પહેલાં વાચક લેખક માટે તરસતો હતો..એ બક્ષીનો યાર બિરાદર હતો..હવે વાચક દુર્લભ જણસ જેવો છે..લખનારા અનેક છે..વાચક એકમેવ છે..એની સામે કિતાબનો કલરવ નથી..પુસ્તકોનાં ફફડતાં પૃષ્ઠો નથી..એક સ્ક્રીનની આભાસી દુનિયા છે...ખરેખર વાચક રાજા છે..ટેરવાના એક સ્પર્શ થકી એ ભલભલા સર્જકને આગળ ધકેલી મુકે છે..પલક ઝપટમાં ! એક દિલ ઔર સો અફસાને..સર્જકોની છોળ વચ્ચે કોઈ ઓળઘોળ વાચક મળી જાય એ તો કિસ્મત જ ગણાય..!

વાંચન એ માણસની આવશ્યક જરૂરિયાત છે..કાગળ ઉપર અંકિત શબ્દોની મજા પડદા ઉપરના અક્ષરોમાં શોધવી મુશ્કેલ છે..એકસાથે એકદિવસમાં બસો ત્રણસો પાનાંની નવલકથા કે વીસ પચ્ચીસ પાનાંની વાર્તાઓ વાંચવી એ આજની પેઢીને અજાયબી લાગે છે..કોઈ સરસ પુસ્તક વાંચ્યાનો એક પરિતોષ હતો જે માણસને આનંદિત કરી દેતો..ડિજિટલ વાચન ભીતર સુધી સ્પર્શી જતું નથી..એક ઉપરચોટિયો આસ્વાદ એ કેવળ એની ઉપલબ્ધિ હોય છે..

બદલતા જમાનાની તાસીર છે..કિતાબોમાં હવે આકર્ષક તસવીર છે..નયનરમ્ય મુખપૃષ્ઠ હોય છે..લેખક કેવા હોય ? એવું એક અડાબીડ વિસ્મય રહેતું..જેને ધરાઈને વાંચ્યા હોય એવા કવિ કે લેખક કવચિત જ કયારેક મળી જતા..ત્યારે જે અહોભાવ છલકાતો એની વાત જ અનોખી હતી..આજે પુસ્તક હાથમાં આવે એ પહેલાં જ લેખકની આકર્ષક છબીઓ છલકાઈ જાય છે..પુસ્તકનું હવે પ્રાગટય નથી થતું...વિસ્ફોટ થાય છે !

લેખનની એક વિરાસત હતી..સાહિત્યના પ્રવાહો હતા... કોઈ લેખક દાયકાઓ સુધી એકધારા લખતો રહેતો... લેખકોના યુગ હતા..પરંપરાઓ હતી...હવે કદાચ આ બધું લુપ્ત થઈ રહયું છે...લેખનના લસરકા છે..નાની નાની સરવાણીઓ છે..અનેક નામો આવે છે..છવાય છે..ઘડીકમાં વિલાય છે..લેખકોના હવે યુગ નહીં અમુક કલાકો જ હોય છે..મેં પલ દો પલ કા શાયર હું ની વાતના સંદર્ભ બદલાઈ ગયા છે..લખવું એ હજુ પણ એક રોમાંચક વાત છે..પણ લખીને ટકવું એ બાબત હવે એક યાદ સમાન ઘટના છે...

# યુક્રેન હવે રશિયા માટે પ્રતિષ્ઠાનો પ્રશ્ન

**તંત્રીસ્થાનેથી...**

મહર્ષિ અરવિંદે પાસપોર્ટ અને વિઝા વિહોણા વિશ્વની સંકલ્પના રજૂ કરી હતી. સાઈબિરિયાથી હજારો માઈલની ખેપ જોડીને આપણા નળ સરોવરમાં પ્રજજન ઋતુ માણવા આવતા પંખીડાને કે કોઈ ઉત્તમ પુસ્તકને પાસપોર્ટની જરૂર નથી પડતી. કાલિદાસે એમના જમાનામાં કદાચ જર્મનીનું નામ પણ નહીં સાંભળ્યું હોય પણ શંકુતલાને વૈશ્વિક ઓળખ કોઈ ભારતીય પંક્તિ નહોતી આપી. મહાકવિ લુઈસે (કેટલાક એનો ઉચ્ચાર 'બેટે' કરે છે) એને માથે મૂકીને નાચ્યો એટલે એને એ વ્યાપક પ્રસિદ્ધિ અને પ્રતિષ્ઠા પ્રાપ્ત થઈ હતી. આપણે 'રાષ્ટ્રવાદ'નું બ્યૂગલ (અરે, શંખનાદ !!) ફૂંકતા રહીએ છીએ. એમાં આપણને મજા પણ આવે છે. સીમાડા નક્કી કરી દઈ આપણે સત્તાના નશામાં રાચીએ છીએ. પરંતુ આ ભૌગોલિક સીમાડાઓને પેલી સાંસ્કૃતિક સીમાઓ સાથે કોઈ જ સંબંધ નથી હોતો. રશિયાના સર્વોચ્ચ નેતા વ્લાદિમીર પુતિન માટે 'રશિયન અસ્મિતા' હવે પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની ગયો છે. યુક્રેનના અંતર્ગત હિસ્સા હોવા છતાં રશિયન સંસ્કૃતિ ધરાવતા બે પ્રાંતોને એમણે સ્વતંત્ર જાહેર કરી દઈ યુક્રેન વિરુદ્ધ સીધી નહીં તો આડકતરી લડાઈ તો જાહેર કરી જ દીધી છે. યુક્રેનના પાટનગર કીવમાં પણ લાખો રશિયન રહે છે.

કયારેક સોવિયેત રશિયાના અભિન્ન અંગ તરીકે રહેલા યુક્રેનને અમેરિકાએ પોતાનું બગલબચ્ચું બનાવી દીધું હોવાનો રશિયન નેતાનો આક્ષેપ ખોટો નથી. ભારતમાંથી અલગ થયેલ પાકિસ્તાનને પણ અગાઉ અમેરિકાએ એનું બગલબચ્ચું બનાવી જ દીધું હતું. પછી ચીન અને અમેરિકા વચ્ચેની ગોલાલડાઈમાં એ અત્યારે ચીનની પાંખમાં ભરાઈ ગયું છે, પણ એના મૂળ ગોત્ર એવા હિંદુસ્તાનને તો એ દુશ્મન જ માની બેઠું છે. અમેરિકા માટે પણ યુક્રેનની અખંડિત સાર્વભૌમ સ્થિતિનું સંરક્ષણ એ પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની રહેલ છે. પોતાના જાસૂસી તંત્ર મારફત અને બગલબચ્ચાની જેમ રહેતા યુક્રેનના રાષ્ટ્રપતિની કાકલૂદી પછી અમેરિકાના પેટનું પાણી પણ ના હાલે એ તો કેમ ચાલે ? એટલે વોશિંગ્ટનના વ્હાઈટ હાઉસમાં બેઠાં બેઠાં ઘરડો સિંહ ઘુરકિયાં કરે છે. એણે યુક્રેનના રશિયાને અડતા સીમાડે નાટોની સેનાને જરૂરી શસ્ત્ર સરંજામ પૂરો પાડ્યો છે અને પુતિનને ધમકી પણ આપી છે. સાથે ફ્રાંસના રાષ્ટ્રપ્રમુખ મારફથે સંધિનો સંદેશો પણ મોકલ્યો છે. રશિયા હવે અગાઉનું નષ્ટભ્રષ્ટ રશિયા નથી રહ્યું તે અમેરિકા જાણે છે. યુરોપના દેશોને સાથ લઈ અમેરિકાએ રશિયાને એકલું પાડી દેવાની કોશિશ કરી કે તરત મહાસત્તા તરીકે 'નંબર ટુ'ના સ્થાન પર આવી ગયેલ ચીન રશિયાના સમર્થનમાં આવી ગયું છે. યુક્રેન યુદ્ધના આરે આવીને ઊભું છે. ડાઘિયા કૂતરાઓની જેમ રશિયન સૈન્ય એના પર કોઈ પણ ક્ષણે ત્રાટકી શકે છે અને ગણતરીના કલાકોમાં કીવ પર રશિયન ધ્વજ ફરકાવી શકે છે. નાટો સૈન્ય અમેરિકાના સહયોગથી મોસ્કો સહિતનાં રશિયન શહેરો પર પરમાણું બોમ્બ વરસાવી બીજા વિશ્વયુદ્ધનાં હિરોશીમા અને નાગાશાકીનું પુનરાવર્તન કરી શકે છે. બાઈડન માટે અફઘાનિસ્તાનવાળી નામોશી ધોવાની આ તક છે. એ અમેરિકન પ્રજામાં હીરો બની જવા માટે યુદ્ધનું જોખમ ખેડી શકે છે. પરંતુ સામે પુતિન પણ ગાંજ્યા જાય એમ નથી. એ યુક્રેનને નષ્ટભ્રષ્ટ કરી દઈ તિબેટ જેવી દુર્દશામાં ધકેલી શકે છે. અમેરિકા અને રશિયા વચ્ચેની આ વડપણની લડાઈમાં બની શકે કે યુક્રેનનો ઘડોલાડવો જ થઈ જાય. બની શકે કે ત્રીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળતાં ચીન ભારત પર પણ દાવ ખેલી નાખે. આવી વિકટ સ્થિતિને ઉગારવા માટે જ ફ્રાંસના રાષ્ટ્રપતિ મેક્રાંએ બે રાષ્ટ્રોના વડાઓની મસલત કરાવવા મધ્યસ્થી કરવાનું સ્વીકાર્યું છે. સબકો સન્મતિ દે ભગવાન !

# અભિમાની ફૂલનું ઘમંડ તેના વિનાશનું કારણ બની ગયું



**નવાં કલેવર**
નટવર હેડાઉ

વસંતઋતુ તેનો પ્રભાવ બતાવી રહી હતી. બગીચામાં રંગબેરંગી ફૂલો ખીલી ઊઠ્યા હતા. ફૂલોની સુગંધ એવી હતી કે હરકોઈ તેની તરફ ખેંચાઈ આવતું હતું. પતંગિયા તો એટલા ખુશ થઈ ગયેલાં કે તેમણે એ બગીચામાં જ રહેવાનું નક્કી કરી દીધું. કયારેક એક ફૂલને મળે તો કયારેક બીજા ફૂલ સાથે દોસ્તી કરે. આવી જ ભમરાઓની પણ હતી.... ગુન.... ગુન.... કતા ભમરા પોતાની ધૂનમાં આખા બગીચામાં ઘુમતા ખુશીના ગીતો ગુનગુનાવતા હતા.

'અરે વાહ, આ બગીચો તો ખુબ સુંદર છે. આપણી નજરમાં અત્યાર સુધી કેમ ન આવ્યો ? આજથી આપણે આ બગીચાના ફૂલોની પરાગરજ એકત્ર કરી સ્વાદિષ્ટ મધ બનાવીશું.' મધમાખીઓનું ઝુંડ પણ બગીચાને જોઈને ત્યાં જ ધામા નાખી રોકાઈ પડ્યું.

તે દરમિયાન એક દિવસ બગીચામાં એક નવું ફૂલ ખીલ્યું. થોડા દિવસમાં એ ફૂલ મોટું થયું તો ખુબ સુંદર દેખાવા લાગ્યું. તેના રંગરુપ જોઈ સૌ કોઈ ચકિત થઈ જતા. બીજાં ફૂલો કરતાં આ ફૂલ આકારમાં મોટું તો હતું તે ઉરાંત તેની સુગંધ પણ બેમિસાલ હતી. જે વ્યક્તિ બગીચામાં આવે તે આ ફૂલનાં વખાણ કર્યા વિના રહે જ નહીં. ચારે બાજુ આ ફૂલની પ્રશંસા પ્રસરવા લાગી. તેનાથી ફૂલને અભિમાન આવી ગયું. પતંગિયા એ નવા ફૂલ પાસે દોસ્તીનો હાથ લંબાવવા ગયાં. તો એ ફૂલે તેમને ધમકાવીને કાઢી મૂક્યા. 'ચાલો, ભાગો અહીંથી મારે કોઈ સાથે દોસ્તી કરવી નથી. તમે મારી દોસ્તીને લાયક નથી.'

'ફૂલ ભાઈ, નારાજ શું કામ થાવ છો, અમે કંઈ તમને નુકશાન પહોંચાડવા નથી આવ્યા. પળભર મળીને પાછાં જતાં રહીશું. પતંગિયાઓએ મીઠા સ્વરે ફૂલને કહ્યું.'

'ચાલ હટો અહીંથી, મને હેરાન ન કરો, મારે કોઈ સાથે કશી લેવા દેવા નથી.' ફૂલનો ગુસ્સો જોઈ બિચારાં પતંગિયાં નિરાશ થઈ પાછા ફર્યાં. થોડીવાર પછી ભમરાઓ ત્યાં આવીને ગુનગુન કરવા લાગ્યા. તો ફૂલે તેમની સાથે પણ એવો જ લુખ્ખો વ્યવહાર કર્યો. અને ધમકાવીને ભગાડી મૂક્યા. થોડીવારમાં એ ફૂલથી આકર્ષાઈને અમુક મધમાખીઓ ઉડતા ઉડતા તે ફૂલ પાસે પહોંચી ગઈ.

'ખબરદાર કોઈ મારી નજીક ન આવશો નહીંતર મારાથી ખરાબ કોઈ નથી એટલું સમજી લેજો' ગુસ્સામાં રાતાપીળા થતાં ફૂલે મધમાખીઓને પણ ધમકાવીને ભગાડી દીધી.

પોતાના ગુસ્સા અને ખરાબ સ્વભાવને કારણે હવે એ નવા ફૂલ પાસે કોઈ આવતું ન હતું. પોતાની સુંદરતાના ઘમંડમાં રાચતું એ ફૂલ એકલું અક્કડ ઊભું રહેતું હતું. 'અરે, આ ફુલને તો જુઓ આટલું મોટું અને સુંદર છે છતાં તેની પાસે કોઈ જતું નથી. જરૂર કંઈક ગરબડ લાગે છે.' બગીચામાં રમવા આવેલાં બાળકોમાંથી એક બોલ્યું, 'હાં, એવું બને કે ઝેરી ફૂલ હોય આપણે તેનાથી દૂર રહેવું જોઈએ' બીજા છોકરાએ કહ્યું.

'આ ઝેરી ફૂલ બગીચામાં હોય તો મોટો ખતરો સર્જાઈ શકે. આપણે આ બાબતમાં માળીને વાત કરવી જોઈએ.' છોકરાઓએ મળીનક્કી કર્યું.

'મને તમારી વાત સાચી લાગે છે.' પતંગિયાં, ભમરાં કે મધમાખીઓ કોઈ આ ફૂલની નજીક જતાં નથી. તેથી સંદેહ પેદા કરે છે. બાળકોની વાતો સાંભળી માળીએ ફૂલને તોડીને કચરાપેટીમાં નાંખી દીધું.

અભિમાની ફૂલનું ઘમંડ તેના વિનાશનું કારણ બની ગયું.

કચરાપેટીમાં પડેલ પૂલ પોતાની દુર્દશા પર આંસુ વહાવતું વિચારતું હતું. 'કાશ,બીજા ફૂલોની જેમ બધાં સાથે હળીમળીને રહેવાનું પસંદ કર્યું હોત તો કદાચ મારી આવી દશા થઈ ન હોત.'

### દિન મહિમા

- જલારામ બાપાની પુણ્યતિથિ - ગુજરાતમાં જન્મેલા હિંદુ સંત.
- મનહર મોદીની પુણ્યતિથિ - ગુજરાતી કવિ અને સાહિત્યકાર.
- ૧૯૬૯માં આજના દિવસે વિખ્યાત ભારતીય અભિનેત્રી મધુબાલાનું નિધન થયું હતું. મુગલ-એ-આઝમ જેવી ફિલ્મમાં અનારકલી સહિત યાદગાર પાત્રોને પડદા પર જીવંત કરનાર મધુબાલાની ગણના સિનેમા જગતની સાર્વકાલીન મહાન અભિનેત્રીઓમાં થાય છે.

આજનું

### ઔષધ

- મધ જીવાણુઓને નાસ કરે છે ક્ષય અને ટાઈફોઈડના દર્દીઓ માટે મધ ઉત્તમ છે.

### ખડખડાટ

- સંતા : (દુકાનદારને) કોઈ સરસ કાપડ બતાવો.
દુકાનદાર : પ્લેનમાં બતાવું ?
સંતા : પ્લેનમાં જવાની શી જરૂર છે, અહીં જ બતાવી દો ને....

આજનો

### વોટ્સએપ

- જીદ પકડીને માણસ જેટલું ગુમાવે છે... કદાચ છોડીને એટલું નથી ગુમાવતો...

# 'રોઈ રોઈને કરી હોય અંધારી અમાસ છાતી વચ્ચે ને ઉગી હોય પૂનમ એ જ નયને એમ પણ બને'



**એમ પણ બને...**
પારૂલ અમિત

'જીવનની સમસ્યાઓ પર ઝડપથી પ્રભુત્વ મેળવવું હોય તો વેદના ને સમજવી પડશે ' વેદના સૃષ્ટિ પર જન્મ સાથે જ આવે છે. જાણતા હોવા છતાં પણ વેદના પાછળના સુંદર જીવનના હેતુ ને આપણે સમજી શકતા નથી. સૃષ્ટિ પરના જીવો વચ્ચે સંવેદના એક સેતુના સહારે સબંધો સ્થાપિત કરે છે. આપણા બધામાં પૂર્ણ જીવનની આંતરિક શકિત ભરેલી જ હોય છે. છતાં આપણે આખુ જીવન અપૂર્ણતાના સહારે જીવીએ છીએ. કંઈક મેળવવાની આશા, ઘેલછામાં જે પાસે હોય છે એ પણ નથી જોઈ શકતા.

જીવનનો હેતુ શું છે? એ જાણવાની કોશિશ માં હેતુ વગરના થઈ જઈએ છીએ. દુનિયાનું સૌથી શકિતશાળી વસ્તુ આપણું મન છે.

છતાં મનમાં આપણે નકારાત્મક અને વેદના ના ગૂંચડાના તાર ને વધારતા જ જઈએ છીએ. આંતરિક વિશ્વ જ આપણા બહારના વિશ્વ ને નક્કી કરે છે એ પાક્કું છે. આપણા વિચારો નું કેન્દ્ર બિંદુ આપણું ધ્યેય બની શકે. પણ ધ્યેય એટલે કંઈક બનવું, ક્યાંક પહોંચવું ગમે તે ભોગે એ જ? તો પીડા, વેદના મળશે જ. તો આ વેદનાને આપણે પોઝિટિવ લઈએ તો કેટલું ઉત્તમ. પ્રેક્ટિસ દરમિયાન વારંવાર પડતો, દોડતો, છોલાતો એક રમતવીર ઓલિમ્પીક માં અવ્વલ આવે જો એ શારીરિક અને માનસિક રીતે અનુભવ કરતી એ પીડા ને ધ્યેય પાર કરવા પોઝિટિવ લે તો.

એવી જ રીતે દરેક ક્ષેત્રમાં. સફળતાનો કોઈ મંત્ર હોય તો જીવનમાં પડતી મુશ્કેલી, પીડા ને હકારાત્મકમાં ફેરવવી એ જ.. જરૂર છે ધ્યેયની ગોઠવણ ની. સંવેદના અને લાગણીઓ ક્ષણે ક્ષણ આવશે જ. પરંતુ સુંદર બગીચો જોઈતો હોય તો નિંદામણ કરવું જરૂરી છે. એવી જ રીતે સુંદર જીવન જોઈતું હોય તો મનમાંથી નિંદામણ રૂપી કચરો બહાર કાઢી ફળદ્રુપ વિકાસ જાતે જ કરવો પડે. આપણા જીવનમાં બનતી દરેક ઘટનાઓ પહેલા માનવીના મનમાં જ આકાર લેતી હોય છે. જે બને છે જીવન દરમિયાન એના માટે જવાબદાર આપણે પોતે જ હોઈએ છીએ.

વર્ષો જૂની મેમરી ને આપણે સ્ટોર કરીને રાખીએ છીએ.

એક મોટુ આશ્ચર્ય એ છે કે જીવનમાં સફળ થવું એના માટે માત્ર માનસિક એકાગ્રતા પર આધારિત છે.

એકાગ્રતા મનની ઊંડી શાંતિ બક્ષે છે. બધું પ્રાપ્ત કર્યા પછી માણસ જેની પાછળ દોડે, માણસ જે ઝંખે એ જ શાંતિ... જૂની દીવાલો ખરી પડે જે ટકાવી હોય ને મળે મોકળું આકાશ જીવવાને એમ પણ બને

પરંતુ વેદનામાં જ માણસ અટકી જાય છે, ચારેય બાજુ ચિંતા, તણાવ અને ભૂતકાળ માં જ રચ્યો પચ્યો હોય છે માનવી. ગુલાબ ખરીદવા જનાર માણસ ગુલાબ ની સુંદરતા પછી પહેલાં કાંટા જોતો હોય છે. સુંદરતા લેવી હોય તો સુંદરતા ને જ જોવી પડે, એને માણવી પડે. દરેક વસ્તુ અને સંબંધો એક જીવને બીજા જીવ સાથે એક વસ્તુ ને બીજી વસ્તુ જોડે છે. પરિણામે પ્રત્યેક જીવ સૃષ્ટિ પર પોતાની જીવનયાત્રાને ઉત્સાહ અને આનંદપૂર્વક આગળને આગળ ધપાવી શકે છે. સૃષ્ટિના સર્જકે જીવ સૃષ્ટિને પોતાની આગવી શૈલીથી પ્રસ્થાપિત કરી છે.સૂક્ષ્મ જીવસૃષ્ટિ, પ્રાણી સૃષ્ટિ અને વનસ્પતિ સૃષ્ટિ બધામાં પીડા હોય જ છે.પરંતુ જરૂરી છે એમાંથી વિકાસ પામવું.

જેમ કે મોટા જીવો નાના જીવોનું ભક્ષણ કરે છે. નાની પીડા ક્યારેક મોટુ સુખ આપે જ છે. પરંતુ પીડા ને વળગી રહેનાર આપણે એ સુખ ને જોઈ શકતા નથી. સૃષ્ટિ પણ બધામાં સંવેદના એક સરિતાની જેમ અવિરત પ્રવાહ વહેતો રાખી સૃષ્ટિના ચક્રને ગતિમાન રાખવા અને તેને ફળદ્રુપ બનાવવા અવિરત બેલેન્સ જાળવી રાખે છે. જયારે જીવનમાં કંઈક ખોટું બને છે.. ખોટું એટલે આપણી ઈચ્છા વગર નું ત્યારે આપણે દોષિત અને અસહાય ની લાગણીમાં પીડાવા લાગીએ છીએ. શું આપણે એવો હોલમાર્ક ના બનાવી શકીએ કે 'હું જીવન વિશે ઉત્સાહી, અને ઉત્તેજિત રહીશ. આસપાસ ભલે બધું વિખરાઈ જાય પણ હું નહીં વીખરાઉં, હું આનંદી રહીશ અને મારી આસપાસ નું વાતાવરણ પણ આનંદિત રાખીશ. ખાસ કરીને ત્યારે જયારે વસ્તુઓ મારી તરફેણ માં ના હોય ત્યારે હું મારાં આત્મવિશ્વાસને ડગાવીશ નહીં. મારી રમુજવૃત્તિ ને હંમેશા જીવંત રાખીશ. જેમ નાનપણમાં પડતા, આખડતા ત્યારે પીડા થતી છતાં કીડી મરી ગઈ એમ સાંભળતા જ હસી પડાતું હતું, એમજ. આપણે એ ના ભુલવું જોઈએ કે આપણા જેવું જીવન જીવવા ઘણા લોકો ઝંખના કરતાં હોય છે. સવારે ઉઠીને જેમ દાંત સાફ કરીએ છીએ તેમ વિચારો પણ સાફ કરવાની ટેવ પાડવી જ પડશે. દબાવ વાળા વાતાવરણમાં પણ વેદનાને હાથિયાર બનાવી એની પાછળ નો મર્મ સમજી સાચા આનંદ ને અનુભવતા શીખીએ. અમર્યાદિત આંતરિક શકિત ને પારખીએ અને જીવન પ્રત્યે દ્રઢ વિશ્વાસ અને શકિતઓને ઊંડાણ માં જઈ તલાશીએ. અમુક સમસ્યા ખરેખર સમસ્યા હોતી જ નથી. આપણે જોવાની પદ્ધતિ બદલાવી પડશે. જીવનની ગુણવત્તા એ સમસ્યાની રજુઆત અને પડકારો પણ આધારિત હોય છે. આપણે દરેક પ્રસંગ ને કેવીરીતે જોઈએ છે બસ એના પર. આપણું વલણ આપણી ઉંચાઈને નક્કી કરે છે. એકવાર માનસિકતા બદલાઈ જશે પછી આપોઆપ જીવનમાં મધુરતા આવી જશે.


# બપ્પી લહેરીની પણ વિદાય...



**મન-રંજન**
દ્વનિલ પારેખ

થોડા સમય પહેલા સ્વર કિન્નરી લતા મંગેશકરે આપણી વચ્ચેથી વિદાય લીધી અને એ પછી ગાયક, સંગીતકાર બપ્પી લહેરીએ વિદાય લીધી. હિંદી સિનેમા સંગીત ક્ષેત્રે પાશ્ચાત્ય સંગીતનો પરિચય આમ આર.ડી. બર્મન (પંચમદા) એ કરાવ્યો પમ રોક સંગીત કે પોપ સંગીતનો પરિચય બપ્પી લહેરીએ કરાવ્યો. કિશોરકુમાર અને બપ્પી લહેરીની જોડી પણ એટલી જ સુપરહીટ રહી હતી.

'ઈન્ડિયન આઈડોલ' કાર્યક્રમમાં બપ્પી લહેરીએ છેલ્લે દેખા દીધી હતી. ત્યારે જ એમની સ્થિતિ અસ્વસ્થ દેખાતી હતી. અવાજ એમનો અસ્પષ્ટ હતો. પણ બપ્પી લહેરી એટલે સોનાના દાગીનાથી લથબથ એવું વ્યક્તિત્વ. ગળામાં મોટી સોનાની એકથી વધુ ચેઈન હોય, આંગળીઓમાં વીંટી પહેંરેલી હોય, ગોગલ્સ હોય, અને મોટાભાગે કાળાં વસ્ત્રોમાં સજ્જ હોય, બપ્પી લહેરીની છેલ્લા થોડા વખતથી આ ઓળખ હતી. પણ રોક સંગીત અને પોપ સંગીતથી અને પોતાના અવાજથી એ લોકપ્રિય થયા હતા. મિથુન ચક્રવર્તીની હિન્દી સિનેમા જગતમાં લોકપ્રિય સ્થાપિત કરવામાં પણ બપ્પી લહેરીનું સંગીત અને એમનો કંઠનો ફાળો મોટો હતો. 'ડિસ્કો ડાન્સર' ફિલ્મ સુપરહીટ થઈ હોય એમાં એના ગીતોનો ફાળો મોટો હતો. 'ઈન્ડિયન આઈડોલ' માં આવ્યા હતા ત્યારે પણ એમને પવનદીપની ગાયિકીથી ખુશ થઈને સોનાની ચેઈન આપી હતી. સોનાની ચેઈન જાણે બપ્પી લહેરીની ઓળખ હોય એ રીતે એમના ગળામાં લટકતી રહેતી. તબલા વાદક કરતી




એમનો પોતાની કારકિર્દીની શરુઆત કરી હતી. અને ધીમે ધીમે યુવાનો ગમે એવા પોપ અને રોક ગીતો બનાવ્યા. જે ગીતો પણ આજે લોકપ્રિય છે. એ ગીતો વાગે એટલે યુવાનોના પગ થીરકતા થઈ જાય. બપ્પી લહેરીને ચાહનારો પણ એક મોટો વર્ગ હતો.

કોઈ ગાયક કે સંગીતકારની એક ઈમેજ બંધાઈ જાય પછી એના વિશે વાત કરતી વખતે એ ઈમેજને ધ્યાનમાં રાખીને વાત થતી હોય છે. બપ્પી લહેરી એટલે પોપ સંગીત એવી ઓળખને ધ્યાનમાં રાખીને જ એમના વિશે વાતો થતી રહે છે.એમાં ખોટું પણ કશું નથી. પરંતુ એ સિવાય પણ એમણે હૃદયસ્પર્શી ગીતો બનાવ્યા હતા. અમિતાભ બચ્ચન અભિનિત શરાબી ફિલ્મના ગીતો પણ લોકપ્રિય થયા હતા. પણ એમાંનું એક ગીત 'મંજિલે અપની જગહ.... રાસ્તે અપની જગહ...' કિશોરકુમારે ગાયેલું એ ગીત પણ એકદમ હૃદયસ્પર્શી અને બપ્પી લહેરીનો જુદો પરિચય કરાવે એવું ગીત હતું. 'એતબાર' ફિલ્મમાં ભૂપિંદર સિંઘે ગાયેલી ગઝલ 'કિસી નજર કો તેરા ઈન્તજાર આજ ભી હૈ....' પણ બપ્પી લહેરીનું કંપોઝ કરેલું યાદગાર ગીત હતું. આવા ગીતો પણ એમણે બનાવ્યા છે પણ આપણે મોટે ભાગે તો 'તમ્મા તમ્મા લોગે' 'થાનેદાર' ફિલ્મના સંગીતકાર તરીકે જ એમને ઓળખીએ છીએ ! ખેર, હિન્દી સિનેમા સંગીતનો વધુ એક સ્વર આથમી ગયો ત્યારે એમને સૂરાંજલિ અર્પીએ !

# ઉકરડી નોતરતાં સુન બેનડી રે માદલિયો રણેઝણે રે



**મનના ઉમંગો**
રણછોડ પરમાર

આપણા લગ્નોમાં કેટલાંક કામ સંપૂર્ણપણે મહિલાઓ હસ્તક હોય છે. એ કામોમાં પુરુષો કોઈ હસ્તક્ષેપ કરી શકતા નથી. ઊકરડી બેસાડવી અને ઉઠાડવી એ આ પ્રકારનું કાર્ય છે. દીકરીને પીઠી ચોળ્યા પછી ઉકરડી બેસાડવાની વિધિ હાથ ધરવામાં આવે છે. એ વિધિ કરવાનું શું કારણ છે તે જાણવા તમારે એક વાર્તા સાંભળવી પડશે.

જૂના જમાનાની વાત છે. સૌરાષ્ટ્રના એક સંસ્કારી બ્રાહ્મણનો પુત્ર કાશી ભણવા ગયો હતો. એ જ્યારે ભણીને પાછો આવતો હતો ત્યાં વાટમાં એ બરાબરનો તરસ્યો થયો. એક ગામને પાદરે કૂવા કાંઠે પનિહારીઓ પાણી ભરતી હતી. એ સમયે આજનાં જેવાં વાહનવ્યવહારનાં સાધનો હતાં નહીં. એટલે પગપાળા લાંબો પંથ કાપીને આવેલો બ્રાહ્મણ પાણી પી ઘડીક બેસવા માટે કૂવા પાસે ગયો. હું બ્રાહ્મણ છું એમ કહેતાં એક સુંદર કન્યાએ એને પાણી પાયું. પાણી પીતાં પીતાં એકબીજાની નજરો મળી અને પહેલી નજરનો પ્રેમ થયો. બ્રાહ્મણપુત્રે હૈયુ ખોયું. તપાસ કરતાં માલુમ પડ્યું કે કન્યા તો ઉતરતા કુળની છે. પણ બ્રાહ્મણ યુવાન તો એનું હૈયું પેલી કન્યાને સોંપી ચૂક્યો હતો. " પરણું તો એને જ, નહીંતર આજીવન કુંવારો રહું." એવી હઠ લીધી. વડીલોએ બેઉને ઘણાં સમજાવ્યાં પણ બેઉ પ્રેમીઓ માન્યાં નહીં અને વડીલો તેમને સ્વીકારવા તૈયાર નહોતાં. આજના સમયમાં પણ આવા લગ્નો ઝટ સ્વીકારાતાં નથી જ્યારે પેલો તો મધ્યકાલીન યુગ હતો. સમાજમાં સંસાર માંડવો સહેલો નહોતો. બ્રાહ્મણ અને પેલી કન્યાએ કૂવામાં પડીને આત્મહત્યા કરી. કમોત થવાથી બંનેના જીવ પ્રેતયોનિમાં ગયા. માંગડાવાળાની જેમ ભૂત થયાં. એ માંગડાવાળો કરતો હતો તેમ કૂવા પાસેથી જ્યારે કોઈની જાન નીકળે ત્યારે તેઓ જાતજાતનાં વિઘ્નો નાખી જાનવાળાને હેરાન કરવા માંડ્યાં. આજુબાજુના ગામલોકો આથી હેરાનપરેશાન થઈ ગયા. બધાંએ ભેગા મળીને આ સંકટનો શો ઉકેલ લાવવો એ પૂછ્યું. ત્યારે આ ભૂતડાં બોલ્યા કે અમારે લગન કરવા હતા પણ દુનિયાએ અમને પરણવા ના દીધાં. અમારે લગન જોવાં છે. લગનના લહાવા લેવા છે. કોઈ અમને લગ્ન જોવાય લઈ જતું નથી. અમને લગન બતાવવાનું શરુ કરો પછી અમે કોઈને હેરાન નહીં કરીએ. અમે ફક્ત છાનાંમાનાં લગ્ન જોઈશું અને એનો આનંદ માણીશું.

આ જાણીને ફરી બ્રાહ્મણો ભેળા થયા. મધ્યકાલીન યુગનો સમય હતો. નાતજાતના ભેદભાવ ભારે હતા. આ લોકોને લગ્ન બતાવવા હોય તો માંડવે લઈ જવા પડે. માણસ મરી જાય તોય નાતજાતના ભેદ મટતા નથી. ભૂતપ્રેત થાય તોય ઊંચનીચની ભાવના ટળતી નથી. બ્રાહ્મણને તો માંડવે લઈ જવાય, પણ હલકા વરણની કન્યાને માંડવે કઈ રીતે લઈ જવાય ? કોઈ ડાહ્યા માણસે એવો તોડ કાઢ્યો કે બ્રાહ્મણપુત્રને પથરો બનાવીને માંડવામાં લઈ જવો અને તેને પાણી પાનાર પેલી કન્યાને માંડવાની બહાર શેરીના નાકે બેસાડવી. ત્યારથી બ્રાહ્મણપુત્રને ક્ષેત્રપાલ થઈને માંડવાની અંદર સ્થાન મળ્યું. તેણે ખોટું કર્મ કર્યું હોવાથી તેને પૂજવામાં આવતો નથી પણ વરરાજાને પગે અડાડીને તેના અપકર્મનું ભાન કરાવવામાં આવે છે. લગ્ન પત્યા પછી ઊકરડે બેસાડેલી કન્યાને ઉઠાડીને માંડવા સુધી લઈ આવે છે.

ગામડાના ખેડૂતો મોટે ભાગે ઢોર રાખે. વહેલી સવારે આ ઢોરની જગ્યા સાફ કરીને ભેગા કરેલા છાણવાસીદાંને ટોપલામાં ભરીને ગામની બહાર એક નિશ્ચિત જગ્યાએ નાખી આવે. આ ભેગા થયેલ છાણવાસીદાના ઢગલાને ઉકરડો કહેવાય છે. દરેકનો ઉકરડો જુદોજુદો હોય. એ રોજ વધતો જાય. આથી કહેવત પડી છે કે દીકરી અને ઉકરડાને વધતાં વાર નહીં. આ રીતે ઘરના કચરાને શેરીની બહાર નાખવામાં આવે તેને ઉકરડી કહેવાય. ઉકરડી શબ્દ સંસ્કૃત શબ્દ ઉત્કટ ઉપરથી આવ્યો છે. જેમ ઘર અને ખેતરના દેવતાઓ હોય છે તેમ શેરીની દેવી આ ઉકરડી છે. તે શેરીનું મેલી વિધ્યાઓથી રક્ષણ કરે છે એવું મનાય છે. એટલે લગ્નપ્રસંગે ઉકરડી નોતરવાની પ્રથા હજુ ઘણા ઠેકાણે ચાલુ છે. કુટુંબની ચારપાંચ મહિલાઓ ગાતી ગાતી શેરીના નાકે જાય છે ત્યાં ઉકરડીમાં એક જગ્યાએ ખાડો ખોદી કંકુનો સાથિયો કરી એક કુલડીમાં સોપારી અને રુપિયાનો સિક્કો મૂકી દાટવામાં આવે છે. આને ઉકરડીનું સ્થાપન કર્યું કહેવાય છે. શરુઆતમાં કહ્યું છે તેમ આ વિધિ સંપૂર્ણપણે સ્ત્રીઓનો છે. તેમાં ગોરમહારાજ પણ જતા નથી. આથી ઉત્સાહી મહિલાઓ મુક્તમને મશ્કરીનાં ગીતો અને ફટાણાં ગાય છે.

શિહોર ગામને ગોંદરે
શિહોર ગામને ગોંદરે, વંકો ડોલરિયો
ઊગ્યો લીલુડો વાંસ રે, વંકો ડોલરિયો
કોણ રે ચડશે વાંસડે ? વંકો ડોલરિયો
કોણ રે વગાડે શરણાઈ રે ? વંકો ડોલરિયો
કોણ તે થૈ થૈ નાચશે, વંકો ડોલરિયો
કોણ વગાડે ઢોલ રે, વંકો ડોલરિયો
જમાઈ ચડશે વાંસડે, વંકો ડોલરિયો
જમાઈ વગાડે શરણાઈ રે , વંકો ડોલરિયો
જમાઈ થૈ થૈ નાચશે, વંકો ડોલરિયો
જમાઈ વગાડે ઢોલ રે, વંકો ડોલરિયો
ઊતરો વેવાઈના છોકરાં, વંકો ડોલરિયો
લાજે ગામના લોક રે, વંકો ડોલરિયો.
લાજે રાણા ને લાજે રાજિયા, વંકો ડોલરિયો.
લાજે ભાઈ દેશોત, વંકો ડોલરિયો.

અનુસંધાન પાના નં. ૭ પર